# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

લીલામ સ્વમાનનું, કૌશલ્યનાં ફીફાં ફોલાય છે,
રાષ્ટ્રીય ખેલાડીઓ 'મૂલ્ય'નાં ત્રાજવે તોલાય છે,
ખેલાય છે ખેલ જુગારના ખેલે અબજોપતિ -
હરાજી થાય સ્પોર્ટ-સ્પીરીટની બોલી બોલાય છે
(IPL - બજાર)

## હાઇકુ

પોલીસ મેન!
પકડાયા ઉંઘતા -
છીંડા પર જ..

ખેલ, ખેલમાં
કરી લીધા કરોડો..
કલમાડી ક્યાં...

## ચિંતન

**ધનાશયા ખલીકાર કસ્ય નામ ન જાયતે ।**
**દૂરાદ્ આમિષ લોભેન વધ્યતે ખેચરઃ ખગઃ ॥**

ધનના લોભથી કોણ દુષ્ટતા કરતું નથી? માંસ મળવાના લોભથી ઉંચે-ઉંચે આકાશમાં ઉડતાં નિર્દોષ અને ખોઇ પણ ડખલરૂપ ન હોય એવાં પંખીઓનો પણ શિકાર-શિકાર નથી કરતાં?!

આજકાલ આપણે વાંચીએ છીએ કે જીવનભર જેણે સમાજની, નિરપેક્ષ સેવા કરી બાળકોને ભણાવ્યાં એવો શિક્ષક પોતાની નિવૃત્તિની પેન્સન-ગ્રેજ્યુટીની રકમ - જીવનભરની મૂડી લઇને બેન્કમાંથી નિકળ્યો હોય ત્યારે દુષ્ટ શિકારી ધનલોભી એના હાથમાંથી એ રકમ ખૂંચવી જાય છે.

નિર્દોષ વૃધ્ધાની બંગડી નકલી પોલીસ-ઉતરાવી સેરવી લે છે, એક ચાંદીની ચેન-વીંટી માટે ચોકલેટની લાલચ આપી બાળકીને ચૂંથી ચેન-વીંટી ચોરી લેનારા રાક્ષસી સ્વભાવનાં શિકારી વિશે આપણે જાણીએ જ છીએ.

ધંધામાં ભાગીદારો, એકનાં બમણાં-ત્રણ ગણા કરી કરનારા લેભાગુ-નિર્દયી બની 'ધન' માટે કેટલી દુષ્ટતા કરે છે?

અરે! પરિવારમાં ભાઇઓ, પિતા-પુત્ર, ભાઇ-બહેનો, પણ આંખમાં સ્નેહ-વાત્સલ્યને બદલે કેવાં ઝેર-વેર ઉગલે છે?

ધનના લોભથી કોણ દુષ્ટતા આચરતું નથી?

## સુવિચાર

- પ્રેમ પુરૂષના જીવનનું એક અંગ છે, જયારે સ્ત્રીનું તે અસ્તિત્વ છે - **બાયરન**
- પ્રેમપુરૂષ માટે એક ઘટના-બનાવ છે જયારે સ્ત્રી માટે તો જીવનનો પૂર્ણ ઇતિહાસ છે - **મેડમ સ્ટીલ**
- પ્રેમને બુધ્ધિ, અનુભવ, કલ્પના, સમજ સાથે કોઇ જ સંબંધ નથી, એ જીવનની ઘટમાળાની લહેરખી જ છે - **લેસિંગ**
- જે આપણને ચાહતાં હોય તેનો પ્રેમ પ્રાપ્ત કરવામાં કંઇ બડાઇ નથી, પણ જે આપણા તરફ નફરત કરતાં હોય તેનો પણ પ્રેમ પ્રાપ્ત કરવામાં મોટાઇ છે - **ખલીલ જિબ્રાન**
- જીવનનું માધુર્ય, આનંદ, કટુતા અને વેદના પ્રેમમાં જ છે - **બૈબી**
- જો તમને કોઇ જ પ્રેમ ન કરતું હોય તો એ નિશ્ચિતપણે સ્વીકારજો કે તમારા સ્વભાવમાં કઇ ત્રુટિ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ, સમય અને સ્થાનની સીમાથી પર છે, તે નિરંકુશ છે - **વિવેકાનંદ**

## બોધ કથા

કેટલાક લોકોને બધી જ પ્રવૃત્તિમાં આપણે ધક્કા મારી મારી પ્રવૃત્ત કરવા પડે, ધીમા-આળશુ અને લાસરીયા હોય છે. કયારેક કોઇ સ્થળે-પ્રસંગે સમયસર પહોંચી નથી શકતા, એમને કોઇ કામ સોંપ્યુ હોય તો પણ પાંચ વાર 'સ્મૃતિપત્ર' આપવા પડે છતાંય થાય તો થાય! આ બધી બાબતોનું મૂળ નિર્બળ 'મનોબળ' છે. મક્કમ મન હોય તો જ દૃઢ સંકલ્પ અને ઉત્સાહ સાથે જીવનમાં ઉત્સાહ અને શક્તિનો સંચાર થઇ શકે છે. નહીં તો મોબાઇલમાં માથું ઘાલી કલાકોનાં કલાકો અંગૂઠાની ભૂંસ્યા કરો!

નારાયણ હેમચંદ્રે દેશ-પરદેશના અનેક પ્રખ્યાત પુસ્તકોનો ગુજરાતી અનુવાદ ગુજરાતને અર્પણ કર્યો છે. તેઓ સરળ સ્વભાવના અને 'સાદું જીવન'માં માનતા, પણ મજબૂત મનોબળ સાથે દૃઢ સંકલ્પમાં માનતા અને મક્કમપણે એને અનુસરતા.

રાત્રે સૂતી વખતે એ સંકલ્પપૂર્વક પોતાની જાતને કહેતા, 'નારાયણ કાલે સવારે ચાર વાગે ઊઠી જ જવાનું છે.' અને એલાર્મ વિના સવારે ચાર વાગે પથારીમાં બેઠા થઇ જ ગયા હોય!

મન મક્કમ કરી કોઇ પણ સંકલ્પ કરો તો તે સફળ થાય જ છે.

# હું તેને આ બધી વાતો કરતાં કરતાં મારા બાળપણ, ગામ અને રમતોની યાદોમાં એવી ખોવાઇ ગઇ કે નિક્કીના દરેક સવાલનો જવાબ એ રીતે આપતી હતી જાણે કે તેણે મને સંમોહિત કરી દીધી હોય

## નવાં કલેવર

- નટવર હેડાઉ

નિક્કી અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ફર્સ્ટમાં ભણે છે. કાલે સોમવારે તેનું વિજ્ઞાનનું પેપર છે. આજે રજાનો દિવસ છે. તે સવારે સાત વાગ્યે ઉઠી છે. ઉઠીને સીધી જ ટી.વી.વાળા રૂમમાં જાય છે. મમ્મી રસોડામાં બૂમ પાડે છે. 'નિક્કી બેટા ઉઠતાંવેંત ટી.વી. વાળા રૂમમાં શું કરે છે?'

'મમા આજ સન્ડે છે. ટી.વી. પર સારા સારા પ્રોગ્રામો આવશે.'

તેણી ટી.વી. ઑન કરી દીધું છે. આખા ઘરમાં તેનો અવાજ પ્રસરી રહ્યો છે. મમ્મી બે ત્રણ વખત તેને સમજાવવા અને ટી.વી. બંધ કરાવવાની કોશિષ કરે છે. પણ એ માનતી નથી. તે આવીને ટી.વી.નો અવાજ ધીમો કરે છે અને નિક્કી ને કહે છે કે તું દૂધ પી લે. ન્હાઇ લે અને પછી ભણવા બેસ. ત્યાં બીજી રૂમમાંથી તેના પતિનો ઘુંઘવાયેલો સ્વર સંભળાય છે. 'છોકરીને ટી.વી. કેમ જોવા દેતી નથી. સૂતાં-જાગતાં બસ ભણ... ભણ... ને ભણ. તેને આ ક્યાં આઇ.એ.એસ.ની પરીક્ષા છે.'

નિક્કી વિજય મુદ્રામાં તેની મમ્મી સામે જુએ છે અને ટી.વી.નો અવાજ વધારી દે છે. રાંધવાનું, કપડાં, વાસણ, ઘરને સાફસૂફ કરવાનું એ પતાવે છે પછી જેમ તેમ કરીને નિક્કીને નવડાવે છે. નાસ્તો કરાવે છે. પણ ફરી એ ટી.વી.ની સામે જઇ બેસી જાય છે ત્યારે મમ્મીનો ગુસ્સો જોઇને એ ત્યાંથી હટી જાય છે.

'મહા મુસીબતે એ ભણવા બેસે છે. હું નિક્કીની રફ નોટમાં વિજ્ઞાનના પ્રશ્નો લખું છું ત્યારે એ ગઇ કાલે બજારમાંથી લાવેલી ડ્રોઇંગબુકમાં ચિત્રોમાં રંગ ભરવા બેસી ગઇ. તેને ચિત્રો અને રંગો બહુ ગમે છે. લાલ, લીલો, ગુલાબી જેવા રંગો તેને બહુ પ્રિય છે.' તે ઝાડના પાન, ડાળીઓ, ફૂલો અને હરણના મોંમાં આવા જ રંગો ભરે છે. તેને સ્કૂલની ટીચરે આપેલું હોમવર્ક કરવું ગમતું નથી. પણ આ તેને ગમે છે એટલે કરે છે. રંગોની દુનિયામાં એ એવી ખોવાઇ ગઇ છે કે હું વારંવાર તેને ટોકું છું તોય સાંભળતી જ નથી, હું તેને હાથથી હલબલાવી નાખું છું અને તેને હોમવર્કની નોટબુક અને ચોપડી આપું છું તો મારી સામે જોયા વિના જ તેનાં કામમાં ખોવાઇ ગયેલી તે બોલી. 'મમા પ્લીઝ થોડીવાર બસ, આ પતંગિયાની પાંખોમાં રંગ બાકી છે.'

હું થોડા ગુસ્સામાં કહું છું. 'નિક્કી એ સાંજે કરજે. અત્યારે ભણવાનું કર. કાલે પરિક્ષા છે. તારે ૯૦ ટકા નથી લાવવા. સ્કૂટી લેવું છે ને?'

નિક્કી પંતગિયાની પાંખોમાં લાલ રંગ લગાવતાં ગુસ્સામાં બોલી. 'મારે સ્કૂટી નથી લેવું.' અને પછી નિર્દોષ નજરે મારી તરફ જોવા લાગી. ધીરે ધીરે એ તેના રંગોની દુનિયામાંથી બહાર આવી ગઇ.

હું તેને ખુલ્લી નોટબુક પકડાવું છું. તે એને બંધ કરી દે છે. પછી થોડીવાર પછી એ હોમવર્કવાળાં પાનાં શોધે છે.

'મમા, હોમવર્ક ક્યાં આપેલું છે?' તે ખીજાઇને પુછે છે.

હું પાનું કાઢી આપું છું. તે પાનામાં લખેલા પ્રશ્નો જોર જોરથી વાંચે છે. 'વ્હાટ ડૂ યૂ ડુ વીથ અવર માઉથ? પેન્સિલની અણી જુએ છે. અણી બરાબર નથી. કંપાસમાંથી એ શાર્પનર કાઢી પેન્સિલની અણી કાઢવા લાગે છે. હું તેની ભુલ અંગે ધ્યાન દોરૂં છું. 'અવર' નહીં 'યોર' તે જાણી જોઇને સાંભળથી નથી. કંઇક ગણગણવા લાગે છે. પ્રશ્નની જેમ જ જવાબ પણ બોલી બોલીને લખે છે. 'વી સ્પીક ઇટ વીથ યૉર માઉથ.'

નિક્કી અહીં 'અવર' આવશે 'યોર' નહીં. હું તેને સમજાવું છું. તે અસંમજસમાં પડી જાય છે. તે પેન્સિલનો બીજો છેડો મોંમાં નાંખીને મારી સામે તાકી રહે છે. તેનું મન ભણવામાં જરાય લાગતું નથી. પણ મને નારાજ જોઇને એ 'યોર' લખેલું રબ્બરથી ભૂંસે છે. પણ ત્યાં 'અવર' લખવાનું ભૂલી જાય છે. ખરેખર તે ભૂલી જાય છે કે પછી જાણી જોઇને એવું કરે છે ખબર નહીં. બીજો પ્રશ્ન વાંચે છે. 'ડુ યુ લાઇક રેઇની સીઝન?' અને ઉત્સાહમાં આવી જાય છે. 'મમ્મા મને વરસાદ બહુ ગમે છે. ગયા વખતે તમે પલડવા નહોતી દીધી. શું હું પલડયા વિના બિમાર નથી પડતી? એકવાર જયારે મને બહુ બધા મચ્છર કરડી ગયેલા ત્યારે તાવ આવેલો કે નહીં? તો પછી વરસાદમાં પલડવા કેમ દેતી નથી. આ વખતે હું વરસાદમાં ન્હાઇશ, ન્હાવા દઇશ ને?' એટલું કહેતાં મારા પ્રત્યુત્તરની એ રાહ જોવા લાગી. તેનું ધ્યાન ભણવામાં લાગેલું રહે તેથી મેં હા કહી.

'પ્રોમિસ મમા?'

'હાં, પ્રોમિસ'

નિક્કીના હાથમાંથી પેન્સિલ છૂટી જાય છે. તે ટેબલ નીચે તેને શોધતાં શોધતાં મને પ્રશ્ન કરે છે.

'મમા જયારે તું નાની હતી ત્યારે રમતી?'

'હાં'

'કઇ રમત રમતી?'

'બાળપણમાં અમે ગામડામાં રહેતાં, ત્યાં ઝાડ પર ચડવાનું, કાગળની હોડી બનાવીને પાણીમાં તરાવવાની, ફરકડી બનાવીને હવામાં ફેરવવાની, સંતાકુકડી, માલદડી, કબ્બડ્ડી, ખો...ખો..., સતોડીયા અને લખોટીઓ જેવી રમતો રમતાં.'

'મમા, તારા બાળપણની બીજી વાતો કહેને!

'બેટા, જયારે હું પહેલાં ધોરણમાં ભણતી હતી ત્યારે પાટી અને પેન લઇને ભણતી જતી. ન યુનિફોર્મ, ન ટાઇ, ન તો બેગમાં કોઇ ચોપડીઓ. અમારા શિક્ષક કાળા પાટીયા પર ક, ખ, ગ, ઘ લખીને મુકી દેતા જેની અમે સૌ બાળકો પોતપોતાની સ્લેટમાં અક્ષરોની નકલ કરી લેતાં હતા. તે લખતાં, ભુસતાં ફરી લખતાં અને ભુસતાં. જયારે પાટી આખી ભરાઇ જાય ત્યારે ભૂસતાં સફેદ થઇ જતી તો પાણીથી ધોઇ તડકામાં ઊભાં રહી સુકવતાં અને ગાતાં 'મારી પાટી સુકાઇ જાવ, તેની પાટી ફૂટી જાય.'એટલેમાં સ્કૂલમાંથી છૂટવાનો ઘંટ વાગતો ટન... ટન... ટન... એટલે અમે બધા પોતપોતાના ઘર તરફ દોડી પડતાં. પછી તો રમવા સિવાય બીજું કંઇ હોય જ નહીં! તારા જેટલી ઉંમરે તો... હું તેને આ બધી વાતો કરતાં કરતાં મારા બાળપણ, ગામ અને રમતોની યાદોમાં એવી ખોવાઇ ગઇ કે નિક્કીના દરેક સવાલનો જવાબ એ રીતે આપતી હતી જાણે કે તેણે મને સંમોહિત કરી દીધી હોય.

નિક્કી ચોપડીમાં ચીતરેલાં ચાંદો, સુરજ, તારાઓનાં ચિત્રો ધ્યાનથી જોઇને પુછે છે. 'મમા હું આમા રંગો ભરી દઉં' હું ચોંકી ઉઠું છું. સવા વાગી ગયો. નિક્કીએ એક પણ ચેપ્ટર પુરૂં કર્યું નથી, હું ટેન્શનમાં તેને સમજાવું છું, 'બેટા તારૂં વાંચવાનું ઘણું બાકી છે, હમણાં એ પતાવીએ. પરીક્ષા પતે પછી તેમાં રંગો ભરજે.'

તે ફરીથી પ્રશ્ન વાંચે છે. 'યસ ઓર નો'વી સુડ ટેક બાથ ડેઇલી.' પછી કયાંય સુધી ચુપ રહે છે. હું પુછું છું 'બેટા શું વિચાર કરે છે? કયાં અટકી ગઇ? તે બોલી' મમા તું તો મને રોજ નવડાવે છે. પણ આપણી કામવાળી બાઇ તેનાં છોકરાઓને રોજ નવડાવતી નથી. તું એને ધમકાવજે. એનાં છોકરાં કેવાં ગંદા રહે છે. મમા, કામવાળી બાઇના છોકરા કેમ ગંદા રહે છે? એ તેમને નવડાવતી કેમ નથી.

'બેટા, એ ભણેલી નથી, તેથી.'

'તે ભણેલી કેમ નથી?'

'કોઇ એ ભણાવી નહીં તેથી.'

'કોણ?'

'તેની માં એ'

'તેની માં એ કેમ ન ભણાવી?'

ભણાવવાના પૈસા નહીં હોય, સમય મળ્યો નહીં હોય, ભણતરની કિંમત સમજી નહીં હોય.

'આ કિંમત શું હોય મમા? અને તું એ કામવાળી ને કહેજે કે એનાં છોકરાંઓને નવડાવે' તેણે કહ્યું.

'હા, કહીશ' મેં કહ્યું મારા જવાથી તેને વિશ્વાસ પડ્યો. તે ફરી ભણવા લાગી. તેને લખ્યું 'યસ' અને બીજું વાક્ય બોલી, 'ડુ નોટ રન આફટર ફલાઇંગ કાઇટસ' તેણે લખ્યા પછી મને બતાવ્યું. મમા તને ખબર છે એક દિવસ રમ્યા અને જયોતિ પતંગ ઉડાડતી હતી. મંદિરના ધાબે, દાદાજીએ તેમને કેટલી રોકી પણ માની જ નહીં.' હું તો તે દિવસે ધાબે ગઇ નહોતી.' મેં કહ્યું 'તું તો ડાહી છે ને એટલે' પણ દાદાજીનું નામ પડતાં જ તેને એ યાદ આવી ગયા. તે બે મહિના પહેલાં જ ગુજરી ગયા હતા.

'મમા, ભગવાને મારા દાદાજીને કેમ તેની પાસે બોલાવી લીધા. તે મને બગીચામાં લઇ જતાં. પરિઓની કેવી સરસ વાર્તા કહેતા. ચૉકલેટ ને પીપુડી અપાવતા. દાદાજી કેવા સારા હતા નહીં. મને એ બહુ યાદ આવે છે.' અને તેની આંખોમાં આંસુ આવી જતા.

ટિંગ ટાંગ. ટિંગટાંગ... જોયું તો પતિ આવ્યા છે. તે તેમણે જમતાં જમતાં પૂછ્યું, 'નિક્કી કાલની તૈયારી થઇ ગઇ? મેં કહ્યું, 'ના સાંજે કરાવી દઇશ.'

તે બોલ્યા, 'તને ખબર છે સાંજે ટી.વી. પર તેના મનપસંદ કાર્યક્રમો આવે છે. જંગલબુક, ટોમ એન્ડ જેરી, કાર્ટૂન વગેરે... ત્યારે એ શું ભણવાની. અત્યારે જ. તેને ભણાવવાની જરૂર હતી. એક નાની છોકરીને તું હેન્ડલ કરી શકતી નથી.'

તે એમની રીતે તો સાચું કહેતા હતા. પાંચથી સાડા આઠ સુધી બધા બાળકો ટી.વી.ના આગળ જ બેસી રહે છે. ખાવાનું પણ ત્યાં જ ખાય છે. ન ભણે કે ન રમે. લાલુ અને નિક્કી હમણાંથી જ રોજ માથાના દુઃખાવાની ફરિયાદ કરે છે. તેમની આંખો પણ દુઃખે છે. આંખોમાં પાણી આવે છે. આંખનાં ડૉકટરને બતાવ્યું તો લાલુને ચશ્મા આવી ગયા. નિક્કીને હજુ ઓછાં નંબર છે. પણ જયાં સુધી હેન્ડલ કરવાનો પ્રશ્ન છે તો તેમાં હું પણ દલિલો કરી શકતી નથી. પણ તેનો કોઇ ફાયદો નહોતો. તેથી ચૂપ રહી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મારૂં જ બેસણું..!! આજના છાપામાં મારાં જ મૃત્યુના સમાચાર વાંચી મને ઍટેક આવ્યો..!!

**દરદ ઘેરૂં થયું છે, હૃદય ભારે ઘણું છે, બધે ખાલીપણું છે, આજ રોઇ લેવા દો**
**ધરી બે ફુલ, જોડી હાથ એને અંજલિ આપો, વફાનું છે બેસણું, આજ રોઇ લેવા દો**


## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

આમ તો મને રોજે સવારે પાંચ સાડા પાચે ઉઠવાની ટેવ છે, પણ આજે ખબર નહીં મોડું થઇ ગયું. રોજના જેવી જ એ ખુશનુમા સવાર હતા. મારે મારી ઑફિસે જવાનું હતું અને જતાં પહેલાં નાની દિકરીને યુનિફોર્મ પહેરાવી, ખવડાવી સ્કૂલે મુકવાનો મારો નિત્યક્રમ કરવાનો હતો... આંગણામાં પિલ્લુ વાળીને રબરની રીંગ ચડાવેલું છાપું મારી રાહ જોતું હતું, નિયમ મુજબ જ સૌ પ્રથમ 'ગાંધીનગર સમાચાર' પહેલા વાંચવા લીધું. પહેલાં અને છેલ્લાં પાના પરનાં અગત્યનાં સમાચાર પર મારી નજર ફેરવી ત્યાં તો...

છેલ્લા પાના પર મારી તસ્વીર જોઇ હું ચોંકી ઉઠ્યો. એ મારા અવસાનનાં સમાચાર હતા. ગાંધીનગરે એક યુવા સાહિત્યકાર અને સમાજસેવક ગુમાવી દીધો...!! મને તો મારાં અવસાનનાં સમાચાર વાંચી ઍટેક જ આવી ગયો. ગઇકાલે સાંજે મને થોડું ઘણું છાતીમાં દુઃખતું હતું પણ એ તો લગનનું જાપટેલું હશે એટલે અપચો થયો હશે એવું માનીને હવાબાણ હરડેની ગોળી લઇ લીધેલી. અને પછી તો હું આવતાં બુધવારનાં 'હેલ્લો ફ્રેન્ડ'માં વેલેન્ટાઇન ડે વિશે લખીશ એવું વિચારતાં ઘસઘસાટ ઊંઘી ગયેલો..!!

દિવાલ ઘડિયાળમાં નવ વાગવા આવ્યાં છે અને હું ચમકી જાઉં છું, મારો નાસ્તો કયાં છે? અરે! મારે ઓફિસે જવાનું દિકરીને સ્કૂલે મુકવામાં મોડું થઇ રહ્યું છે. મારા બૉસ મારા પર ખિજાશે. અત્યારે પ્રાઇવેટ નોકરીમાં કેટલું ટેન્શન છે અને એમાં મોડું કરીએ એટલે ફાયરીંગની તૈયારી. પણ, આ હૉલમાં બધાં ભેગાં કેમ થયાં છે? અરે! આટલાં બધાં લોકો, ચોક્કસ કંઇક ગરબડ લાગે છે. કેટલાંક રડી રહ્યાં છે બીજા ચુપચાપ છે અને કેટલાંક ચર્ચા પણ કરતાં દેખાય છે...



અરે! આ શું મારૂં શરીર તો શેતરંજી પર પડ્યું છે, કોઇકે ટેપ પર પેલી જગજીતસિંગની 'હે રામ' ધૂન પર લગાડી છે, અરે બધાં સાંભળો હું અહીં છું, પેલાં શરીરમાં નથી...

કેમ મારૂં કોઇ સાંભળતું નથી? અરે સાંભળો હું મર્યો નથી, જુઓ તો ખરાં આ રહ્યો...

મેં બુમો પાડી પણ કોઇએ કશું સાંભળ્યું જ નહીં. કોઇને મારી બુમો સાંભળવામાં રસ ના હોય એમ જ લાગ્યું. મારી ડેડ બોડીને સૌ શૉકથી જોતાં હતા... મારા ભાઇ-મિત્રો અંતિમયાત્રાની તૈયારીએ લાગી ગયા હતા. હું ફરી મારા બેડરૂમમાં ગયો. મેં મારી જાતને જ પુછ્યું, 'શું હું ખરેખર મરી ગયો છું?' મારી પત્ની, મારી દિકરીઓ, મારાં મા-બાપ, મિત્રો, સગાં-બધાં કયાં છે?

હું હૉલમાં ગયો, તો ત્યાં બધાં રડી રહ્યાં હતા. એકબીજાને આશ્વાસન આપતાં હતા. મારી પત્ની સૌથી વધારો પોક મુકીને રડતી હતી. બિચારી હમણાં જ જીવલેણ અકસ્માતમાંથી બચીને બહાર આવેલી. તેને જ સૌથી વધારે દુઃખ થતું હોય એમ લાગ્યું... મારી નાની દિકરીને આ શું થઇ રહ્યું છે એની ખબર પડતી નહોતી, પણ એની મમ્મી રડતી હતી એટલે એ પણ રડતી હતી. અને 'પપ્પા તમે હસોને' એવું બોલતી હતી...

મારી પ્રેમાળ પત્ની અને દિકરીઓને હું ખુબ જ પ્રેમ કરૂં છું એવું કહ્યા વગર કેવી રીતે મરી શકું. મારી મોટી દિકરીને તો મારે એન્જિનીયર બનાવી કન્યાદાન કરવાનું છે. મારી પત્નીને મારી કેટલી કાળજી લીધી છે, એમ કહ્યાં વગર હું કેવી રીતે વિદાય લઇ શકું? અરે! મારા મા-બાપને એકવાર તો કહી દઉં કે હું જે કાંઇ હતો એ એમનાં જ કારણે હતો... અરે, કુટુંબ વ્યવસ્થાના ભાગરૂપે જ હું એમનાથી અલગ રહેવા ગયેલો એટલે કાંઇ મારો પ્રેમ થોડો ઓછો થયેલો? અને આ નાનો ભાઇ કેમ આટલો રડે છે? અરે તારે જ તો મારા પરિવારને સાચવવાનો છે... અને મારા આ મિત્રો, સુખદુઃખના સાથીઓ, આ બધાને તો મારી ખોટ પડશે ને?

એમનાં કામ માટે હું અડધી રાતે દોડતો, હવે બીચારાઓ માટે કોણ દોડશે? પેલા ખુણામાં મારો એક અત્યંત પ્રિય મિત્ર આંસુ સારે છે. વચ્ચે કેટલાંય વર્ષો અમે કોઇ કારણ વગર જ અબોલા રહેલાં, માંડ માંડ ભેગાં થયાં ત્યાં અચાનક મારે આમ જવાનું આવ્યું... હું એની પાસે ગઇ મારો હાથ લંબાવ્યો, દોસ્ત મને માફ કર, પણ મારી પત્ની-બાળકોને સાચવી લે જે...

અરેરે... એને મારો હાથ પણ દેખાતો નથી. હું આટલી હૃદયદ્રાવક વાત કરૂં છું પણ એ તો સાંભળતો જ નથી. કદાચ એને મારો હાથ નહીં દેખાતો હોય, કયાંથી દેખાય મારૂં શરીર તો જમીન પર પડેલું છે... હે, ભગવાન હું તો ખરેખર મરી જ ગયો છું...

હું મારા શબની બાજુમાંથી આવીને બેઠો, મને હવે બરાબરનું રડવું આવી ગયું, હું પોક મુકીને રડવા લાગ્યો... હે, ભગવાન મને થોડા દિવસ માટે જીવતો કરી નાંખ. હું મારી પત્ની, બાળકો, માતા-પિતા, મિત્રો બધાંને દિલથી કહેલા માંગુ છું કે તમે બધાં મને ખુબ ગમો છો.

એટલામાં હિબકે ચઢેલી મારી પત્ની મારી બાજુમાંથી આવીને બેસી. એ કેટલી સુંદર દેખાતી હતી, મેં એનો હાથ પકડીને કહ્યું કે, "અરે વાહ તું તો કેટલી સુંદર દેખાય છે." પણ એને મારાં શબ્દો સંભળાતા નથી અને સ્પર્શ વર્તાતો નથી. મેં કદી એને આવાં પ્રેમાળ શબ્દો કીધાં હતાં ખરાં? સવાર સાંજ ઘર જવાબદારી - બાળકો સાથે શિક્ષકની નોકરી કરતી પત્ની માટે મેં કયારેક વખાણ કર્યા હતા?

મારે હજી આવતાં વર્ષે 'કલ્પતરૂ'નો લોંગ સર્વિસ એવોર્ડ લેવાનો હતો. આ વર્ષે મારાં ત્રણ પુસ્તકોનું વિમોચન કરવાનું હતું. મારા માતા-પિતાને વિમાને બેસાડી જાત્રા કરાવવી હતી. અરે, ભગવાન મહેરબાની કરી મને થોડોક સમય જીવતો કરી દે! હું રડી પડું છું...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# બીજાને ફાયદો ન થઇ જાય એટલા માટે ગમે તેટલું નુકશાન વેઠવાની આપણી તૈયારી હોય - તો આપણે કયાંથી સુખી થઇએ?

## પારિજાત

- રેખા ભટ્ટ

"સુખી થવું છે? તો થાઓ!" - **થોરો**

કેટલું નાનકડું અને સરસ વાક્ય છે! સુખી થવું છે? આપણી કહીએ - હા... હા... અને હા... કેમ નહીં? "તો થાઓ!" તમે જ નક્કી કરો અને અમલમાં મૂકો - બસ. સહેલો સટ્ટ ઉપાય હાથવેંતમાં.

ઉપાય સહેલો છે પણ આપણી માગણી સહેલી નથી. સુખી થવું છે ખરૂં પણ બીજા પાસે હોય તેનાથી વધારે આપણી પાસે હોય તો જ આપણે સુખી થઇ શકીએ તેમ છીએ.

આપણી પાસે હોય તેનાથી આપણે રાજી નથી. સુખની વ્યાખ્યા આપણી એ છે કે બીજો કોઇ મારા જેટલો સુખી ન હોવો જોઇએ અને બીજા જેટલું દુઃખ મને ના હોવું જોઇએ. એટલે કે સામેની વ્યક્તિ જેટલી દુઃખી કે તકલીફમાં એટલો આપણને સંતોષ. આપણું સુખ કે આનંદ સામેવાળાની પરિસ્થિતિ પર આધારિત છે.

બન્યું એવું કે, એક વાર એક વ્યક્તિને ઇશ્વરે તેની ભક્તિથી રાજી થઇને વરદાન માગવા કહ્યું, પેલાએ તો તરત જ રાજી થઇને ધન-દોલત, ગાડી, વાડી, બંગલો બધું માગી લીધું.

ઇશ્વર કહે, 'તેં માગ્યું છે તે બધું જ તને મળશે પણ એક નાનકડી શરત છે તને જે આપું તેના કરતાં તારા પાડોશીને બમણું આપીશ!'

પેલી વ્યક્તિએ ક્ષણનોય વિલંબ કર્યા વગર માગી લીધું, 'પ્રભુ, મારી એક આંખ ફોડી નાંખો!'

એટલે બીજાને ફાયદો ન થઇ જાય એટલા માટે ગમે તેટલું નુકશાન વેઠવાની આપણી તૈયારી હોય - તો આપણે કયાંથી સુખી થઇએ?

આપણા પોતાના મનમાં સંતોષ, શાંતિ અને આનંદ નહીં હોય તો, બીજે કયાંથી એ મળવાનાં નથી. આપણે સૌ જાણીએ છીએ તેમ અપાર વૈભવમાં આળોટતા રાજાને સુખ શાંતિ નથી અને ઉપર આભ અને નીચે ધરતી એવી પરિસ્થિતિમાં પણ આનંદથી રહેતા મસ્તરામ પાસે પહેરણ નથી. આપણી ભીંતર જ સઘળી સમજ પારની શાંતિ રહેલી છે. જે શોધીને પામતી રહી. બહારની દુનિયામાં ભલેને ગમે તેટલી ઉથળપાથલ થતી હોય. પોતાની મનની સ્થિરતા જાળવી રાખે તે સુખી.

પુરાણ કથામાં જનક વૈદેહીની વારતા છે જે રાજા હોવા છતાં વૈરાગી કહેવાતા. એટલે સાધુ-સંતોએ આ વાતનો વિરોધ કર્યો કે, આટલા વૈભવમાં આળોટતા હોય તેને વૈરાગી શી રીતે કહેવા દેવાય? સાચા વૈરાગી તો અમે સાધુઓ છીએ. એટલે પારખું કરવા સાધુઓ રાજાના મહેલમાં આવીને રોકાયા. જોયું તો રાજા તો રાજકાજ અને ખાન-પાનમાં ડૂબેલાં છે. તેમ છતાં એમના ચહેરા પર ગજબની શાંતિ હતી. સાધુઓ કહે, 'એ તો એમ જ હોય - રાજા છે એટલે શું કમી હોય કે ચિંતા કરે?'

થોડા દિવસ આમ ચાલ્યું એવામાં મહેલમાં ભયંકર આગ લાગી. સૌ ગભરાટમાં દોડવા લાગ્યા. આપણા આ સાધુઓ પણ જીવ બચાવીને ભાગ્યા. ત્યારે સૌએ જોયું કે જનકવૈદેહી એ જ કાયમી ચહેરા ઉપરની શાંતિ અને સ્વસ્થતા સાથે બેઠા હતા.

હવે સૌને સમજાયું કે કેમ જનક 'વૈદેહી' કહેવાય છે. બહાર ગમે તે બની રહ્યું હોય તેમ છતાં ભીંતરની સ્વસ્થતા જાળવી રાખે તે સુખી.

કેમ કે, હૃદયના ઊંડાણમાં જે હોય તે જ બાહ્ય જીવનમાં પ્રગટ થાય છે. મનની અંદર રહેલા અસંતોષ - નકારત્મકતા - ધિક્કાર સંતાડી રખાતાં નથી. તે વહેલાં મોડાં બહાર દેખાઇ આવે છે. અને હજાર ગણાં થઇને આપણી તરફ જ પાછાં આવે છે. મારે નકારાત્મક કે ટીકાત્મક વલણોનાં બદલે સમજપૂર્વકની અને સહૃદયતા ભરેલી વર્તણૂંકથી જ આપણે સુખી રહી શકીએ.

આખા જીવન દરમિયાન કેટલીયે સારી ખોટી - ક્ષુલ્લક બાબતોનો સામનો કરવો પડે છે. ત્યારે મનની શાંતિ માટે ક્ષુલ્લક બાબતો માટે બહુ સંતાપ કરીએ નહીં તે જરૂરી છે.

આના સંદર્ભમાં જ એક 'જેરી'ની વાત ખૂબ સરસ છે. સૌ કોઇને જેરી હંમેશાં ખુશમિજાજ અને સારા મૂડમાં જ જોવા મળે. એટલે કોઇએ પૂછ્યું કે, 'તું હંમેશાં આટલા સરસ મૂડમાં કેમ રહી શકે છે?' એટલે જેરીએ કહ્યું, 'અરે! એ તો બહુ જ સહેલું છે. હું રોજ સવારે જાગીને અરીસા પાસે ઊભો રહીને મને પૂછું છું, જેરી, આજે કેવી રીતે રહેવું છે? સારા મૂડમાં કે ખરાબ મૂડમાં? અને પછી હું સારા મૂડમાં જ રહેવાનું નક્કી કરૂં છું, ભલેને જે થવું હોય તે થાય!'

એટલે, થોરોએ કહ્યું છે તેમ આપણા જ હાથમાં છે, કે આપણે સુખી થવું છે કે કેમ? કેમ કે -

"અહીંથી ઉમંગ ઉડતાં અવસરમાં જઇ વસું, કે કાળમીંઠ વેદનાના દરમાં જઇ વસું,
અહીંથી હું કબ્રમાં કે પછી ઘરમાં જઇ વસું, અહીંથી જવાય પણ તરફ અહીંથી નદી તરફ..."

- **કિસન સોસા**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૬ઠ્ઠી ફેબ્રુઆરી



- પંડિત મોતીલાલ નહેરૂની પુણ્યતિથિ - ૧૯૩૧.



- ૨૫ જેટલી નોંધપાત્ર નવલકથા લખનારા ચાર્લ્સ ડિકન્સનો જન્મ ૬-૨-૧૮૧૨. ઇંગ્લેન્ડમાં સેક્સપિયર પછી ચાર્લ્સ ડિકન્સની સૌથી વધુ લોકપ્રિયતા એટલે ઓફ ટુ સિટીઝ, ઓલિવર ટ્વિસ્ટ, ડવિડ કોપર ફિલ્ડ જેવી નવલકથાઓ આપી.
- ૧૯૭૨ - નોબેલ પારિતોષિક મેળવનાર સુવિખ્યાત ચીની લેખિકા શ્રીમતિ પર્લ એસબકનું ૮૦ વર્ષની વયે અવસાન.
- ૧૯૩૯ - આદર્શ રાજવી શ્રીમંત ગાયકવાડનું ૭૬ વર્ષની વયે અવસાન.